<u>**ફો.કે.નં. ૩૩૬/૨૦૨૦**</u>

**<u>-: આંક-૧ તળે હુકમ :-</u>**

(૧) ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે કરવામાં આવેલ છે. આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતા, આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ ત્યારથી સદર કામ આરોપીને પ્રોસેસ બજવાના તબકકે પેન્ડીંગ રહેલ છે. આજ રોજ પોકાર કરતા ફરીયાદી જાતે કે વકીલશ્રી મારફતે હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ પણ રજુ કરેલ નથી કે તેમના તરફથી આરોપીનું સરનામુ જાહેર કરેલ નથી. આમ, આ કામના ફરીયાદી સને ૨૦૨૦ થી આજ દિન સુધી આ કામના આરોપીને પ્રોસેસની બજવણી કરાવડાવી અત્રેની અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી. જેથી ઉપરોકત સંજોગોમાં ફરીયાદ પક્ષે કોર્ટમાં હાજર રહીને કેસની કાર્યવાહી સક્રિયપણે આગળ ચાલે તેવા કોઈ જ પ્રયાસ કરેલા નથી તેવું રેકર્ડ ઉપરથી જણાય આવે છે.

(૨) <u>**ભવાની ટેક્ષટાઈલ મિલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને અધર્સ-૨, ક્રિમિનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તા.૧૮-૦૧-૨૦૧૦**</u> ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૬ ની છણાવટ કરી ઠરાવેલ છે કે, જો ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર ન રહેતા હોય અને કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસો ન હોય તો, ફરીયાદ પક્ષની બેદરકારી કહેવાય અને તેવી બેદરકારીના કારણે ફરીયાદીની ફરીયાદ રદ્દ થવાને પાત્ર છે.

(૩) કેસનું રેકર્ડ ધ્યાને લેતા, આ કામના ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ ત્યારથી સદર કામ આરોપીને પ્રોસેસ બજવાના તબકકે પેન્ડીંગ રહેલ હોય તેવુ રેકર્ડ આધારે ફલિત થતુ હોય, ફરીયાદી આ કામના આરોપીને પ્રોસેસની બજવણી કરી અદાલત સમક્ષ હાજર રખાવવા સારૂ કોઈ સક્રિય પ્રયત્નો કરેલ ન હોવાનું રેકર્ડ આધારે ફલિત થાય છે. આજ રોજ પોકાર કરતા ફરીયાદી જાતે કે વકીલશ્રી મારફતે હાજર રહેલ ન

હોય કે કોઈ રીપોર્ટ રજુ પણ કરેલ ન હોય કે આરોપીનું નવુ સરનામુ પણ જાહેર કરેલ ન હોય, જેથી આ કામના ફરીયાદીને હાલની દાખલ કરેલ ફરીયાદ આગળ ચલાવવામાં કોઈ રસ નહિ હોવાનું અને ઉદાસીન વલણ ધરાવતા હોવાનું માનવાને કારણ રહે છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર આ કામના આરોપીને પ્રોસેસની ધોરણસર બજવણી કરાવવા પુરતી અને વ્યાજબી તકો આપવા છતાં ફરીયાદી આરોપીને પ્રોસેસની બજવણી કરાવડાવી અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ હોય, ત્યાર બાદ ફરીયાદીએ કેસની કાર્યવાહી આગળ ધપાવવા માટે અદાલત સમક્ષ હાજર રહી કોઈ સક્રિય પ્રયત્ન કરેલ ન હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૬ મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરે રદ્દ થવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવેછે.

**–: હુકમ :–**

ફરીયાદીની હાલની આ ફરીયાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૬ અન્વયે રદ્દ કરવામાં આવે છે તથા આ કામના આરોપીને તેમની વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીન તથા જાત મુચરકા આથી રદ્દ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૫–૦૪–૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(મયુર સુભાષભાઈ ગેલોદ)**
એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૭૫૬